## પ્રાંતિજ ખાતે ગરીબ પરિવારોના વ્હારે

# ખોડીયાર મસાલા સેન્ટર ચક્કી ૧૦ કિલો સુધીનું અનાજ ફ્રી દળી આપશે

પ્રાંતિજ, તા. ૨

હાલ કોરોના વાઈરસને લઈને દેશભરમાં લોકડાઉન જાહેર થતા ધંધા-રોજગાર બંધ થયા છે, સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગરીબ મધ્યમવર્ગીય પરિવારોની ચિંતા કરી ખોડીયાર મસાલા સેન્ટર ચક્કી દ્વારા હાલ ૨૧ દિવસના આ લોકડાઉન દરમ્યાન પોતાની ચક્કી ઉપર ૧૦ કિલો સુધીનું અનાજ ફ્રી માં દળી આપે છે તો કોરોના વાઈરસને લઈને સેવા આપતી સંસ્થાઓનુ અનાજ પણ ફ્રી માં દળી આપે છે.

કોરોના વાઈરસને કારણે દેશ સહિત ગુજરાતમાં પણ લોકડાઉન કરવામાં આવ્યું છે અને જીવન જરૂરિયાત સિવાય બધા ધંધા રોજગાર બંધ કરી દેવામાં આવ્યા છે ત્યારે હાલ પ્રાંતિજ સહિત તાલુકામાં વિવિધ સંસ્થાઓ કે ગૃપો દ્વારા ભોજન સેવા સહિત કરીયાણાની કીટો આપવામાં આવે છે. એક વર્ગ એવો પણ છે કે આવા કપરા સમયમાં મૂળ કિંમત કરતા કેટલાક વેપારીઓ ત્રણ ગણો ભાવ લેતા નજરે પડયા છે ત્યારે તંત્ર પણ હાલ તો લાચાર બન્યું છે. બીજી બાજુ એક સામાન્ય વેપારી દ્વારા પણ આવા કપરા સમયમાં પોતાનાથી બનતી કઈક સેવાનો પોતાને લાભ મળી રહે તે હેતુથી પ્રાંતિજ બસસ્ટેન્ડ ડૉ. બાબાસાહેબ આંબેડકર કોમ્પલેક્સ ખાતે આવેલ ખોડીયાર મસાલા સેન્ટરના મુન્નાભાઈ પટેલ કે જેવો પોતાની અનાજ દળવાની ચક્કી ઉપર લોકડાઉનના ૨૧ દિવસ દરમ્યાન પોતાની ચક્કી ઉપર અનાજ દરાવવા માટે આવે તેવા કોઈપણ લોકોને ૧૦ કિલો સુધીનું અનાજ ફ્રી માં દળી આપે છે અને ૧૦ કિલો સુધી કોઈ ચાર્જ લેતા નથી. હાલ કોરોનાને લઈને સેવા આપી રહેલ વિવિધ સંસ્થાઓનું પણ અનાજ પણ ફ્રીમાં દળી આપે છે અને તેવા સેવાભાવી ગૃપો પાસેથી પૈસા લેતા નથી ત્યારે હાલ લોકો પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરાવે છે તે પણ તેટલું જ જરૂરી છે ત્યારે આ સામાન્ય વ્યક્તિ હાલ તો પોતાની પાસે ભંડોળ ના હોવાથી કઈક સેવા કરવાના ભાવથી હાલ તો પહેલ કરી છે તે અન્ય વેપારીઓ સમાજ કે અન્ય સમાજના લોકો માટે પ્રેરણારૂપ છે અને અન્યને ઉદાહરણ પુરૂ પાડે છે તેમ કહીએ તો નવાઈ નહી.




# મોડાસાના તબીબની સતર્કતા તેના માટે માનસિક પીડા બની

## કોરોનનો રિપોર્ટ કરાવ્યાની વાત લીક થઈ, રિપોર્ટ નેગેટિવ છતાં લોકોનો ત્રાસ

મોડાસા, તા. ૨

ગુજરાત કોરોના નામની બીમારીમાં ૮૭ લોકો સંક્રમિત બન્યા છે. ૭ દર્દીઓ કોરોના સામે જંગ જીતી ગયા છે તો બીજી બાજુ ૭ લોકોને કોરોના ભરખી ગયો છે. સમગ્ર વિશ્વમાં કોરોનાને કારણે હાહાકાર મચ્યો છે ત્યારે ગુજરાતમાં કોરોના પ્રસરતા લોકોમાં ભય અને માનસિક રીતે ડિપ્રેશનમાં ગરકાવ થઈ ગયા છે. કલોલમાં આયુર્વેદિક ડોક્ટર તરીકે ફરજ બજાવતા અને મોડાસા શહેરના મેઘરજ રોડ પરની સોસાયટીમાં રહેતા તબીબને શરદી-ખાંસી અને તાવની અસર જણાતા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર લીધી હતી. હાલ કોરોનાના પગલે સતર્કતા દાખવી તબીબે અને આરોગ્ય વિભાગે કોરોનાનો રિપોર્ટ કરાવતા આ વાત વાયુવેગે પ્રસરતા મીડિયામાં સમાચાર પ્રસિદ્ધ થતાની સાથે લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. લોકોમાં આ તબીબ કોણ છે...? તબીબનો રિપોર્ટ અંગે જાણવા લોકોએ ફોન પર ફોન અને સોશ્યલ મીડિયામાં ગુહાર નાખી હતી જો કે તબીબનો રિપોર્ટ નેગેટિવ આવતા તબીબ પરિવારે અને આરોગ્ય તંત્રે હાશકારો અનુભવ્યો હતો.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર રહેતા તબીબે ઈન્ફ્લૂએન્ઝા જેવા લક્ષણો જણાતા તકેદારીના ભાગરૂપે સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર લેવા પહોંચ્યો હતો આરોગ્ય વિભાગે સતર્કતાના ભાગરૂપે તબીબનો કોરોનાનો રિપોર્ટ કરાવ્યો હતો. આરોગ્યતંત્રની બેદરકાનીના પગલે તબીબનો કોરોનાનો રિપોર્ટ કરાવવામાં આવ્યો હોવાની સાથે તબીબની ઓળખની માહિતી પણ લીક થતાની સાથે તબીબ તેની પત્ની અને પરિવારજનો પર લોકોના ફોનનો મારો ચાલુ થઈ ગયો હતો. તબીબ અને તેની પત્ની લોકોના જવાબ આપવાની માનસિક પીડાથી થાકી મોબાઈલ બંધ કરી દેવાની ફરજ પડી હતી. તબીબ અને તેના પત્નીની સતર્કતા હાલ તો તેમના માટે માનસિક ઉત્પીડન રૂપી સાબિત થયી હતી. તબીબનો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવતા તબીબ પરિવારે અને આરોગ્ય તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

મોડાસાના તબીબને શંકાસ્પદ કોરોનાના લક્ષણો જોવા મળ્યા અને આરોગ્ય વિભાગે તબીબનો કોરોનાનો રિપોર્ટ કરાવ્યો હોવાની વાત બહાર આવતાની સાથે લોકોએ તબીબ કોણ છે અને તબીબનો રિપોર્ટ શું આવ્યો...? તે જાણવા માટે કરેલી મથામણે રીતસરનો અરવલ્લી જીલ્લાના પ્રજાજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ગભરાયેલા જીલ્લાવાસીઓને વહીવટીતંત્રે તબીબ યુવકનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હોવાનું જાહેર કરતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.






**રાજપુરમાં કાર્ડ ધારકોનું સોશિયલ ડિસ્ટન્સ**

ડીસા નજીકના રાજપુર વિસ્તારમાં આવેલ સસ્તા અનાજની દુકાને વારા પ્રમાણે કાર્ડ ધારકોને નિયત રેશનિંગનો પુરવઠો આપવામાં આવે છે. કોરોનાને લઈ કાર્ડ ધારકો પણ સરકારની ગાઈડલાઈન મુજબ સોશ્યલ ડિસ્ટન્સ રાખી એકબીજાથી ૩ ફૂટ દૂર લાઈનમાં ઉભા રહી પુરવઠો મેળવે છે. પોલીસ અને હોમગાર્ડના જવાનો પણ ચુસ્ત બંદોબસ્ત જાળવે છે તેથી ભીડભાડ કે શોરબકોર વગર પુરવઠાનું વિતરણ થઈ રહ્યું છે.

# વડગામના પેપોળમાં કોરોનાના સંકટે દવાનો છંટકાવ કરાયો

## ગામના મહિલા સરપંચના પતિ અને સામાજિક કાર્યકરો દ્વારા મહોલ્લે મહોલ્લે ફરીને ઘેર ઘેર દવાનો છંટકાવ કરાયો

વડગામ, તા. ૨

સમગ્ર વિશ્વમાં ફેલાયેલા કોરોના વિયરસના સંક્રમણે હાહાકાર મચાવ્યો છે. જેને લઈને બની રહી છે. જેના પગલે હવે વહીવટી તંત્ર ખડેપગે રહીને સાબદુ બની રહ્યું છે. ગામડાઓમાં પણ કોરોનાના વાયરસના સેવાભાવી યુવા કાર્યકર રમેશભાઈ જોષી, ઈદ્રીશ ઈકબાલભાઈ મનસુરી, પત્રકાર જગદીશ શ્રીમાળી સહીત ગામના



સરકાર તથા વહીવટી તંત્ર રાત દિવસ એક કરી રહ્યું છે.

ગુજરાતમાં કોરોના વાયરસનો વધુ ફેલાવો ના થાય તેવા પ્રયાસો કરાઈ રહ્યા છે. છતા પણ કોરોનાના દર્દીઓનો વધારો થતો રહ્યો હોવાથી સરકાર ચિંતિત સંક્રમણથી બચવા ઠેર ઠેર દવાઓનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. જેમા પેપોળ ગામમાં ગામના મહિલા સરપંચ પ્રવિણાબેન સોલંકીના પતિ અને સામાજિક યુવા અગ્રણી ભરતસિંહ સોલંકી, ગામના સેવાભાવી યુવાનો દ્વારા ગામના લોકોની ચિન્તા કરીને ગામમાં મહોલ્લાઓમાં ઘરે ઘરે ફરીને દવાનો છંટકાવ કરીને લોકોને બહાર ન ફરવા તેમજ લોકો લોકો વચ્ચે ડિસ્ટન્સન જાળવવા ખાસ લોકોને જાગૃત કરવામાં આવ્યા હતાં.

# ઝેરડામાં પ્રાંત અધિકારી ટીમ સાથે દોડી આવ્યા

## તમામને પૂરતો પુરવઠો આપવા સસ્તા અનાજની દુકાનોના સંચાલકોને આદેશ

લોકડાઉનના પગલે સરકારે ૧ એપ્રિલથી સસ્તા અનાજની દુકાનો પર ગરીબ મધ્યમ વર્ગના તમામ રેશનકાર્ડ ધારકોને મફત રેશનિંગ પુરવઠો આપવાની જાહેરાત કરી હતી. ત્યારે ગત ૧ એપ્રિલે ડીસા તાલુકાના ઝેરડામાં ગ્રાહકોને પૂરતો જથ્થો ન મળતા હોબાળો મચાવ્યો હતો, જે બાબતે પ્રિન્ટ મીડિયામાં સમાચાર પ્રસિદ્ધ થતા પ્રાંત અધિકારી ઝેરડા ખાતે તેમની ટીમ સાથે દોડી આવ્યા હતા અને સંચાલકોને તમામ ગ્રાહકોને પૂરતો પુરવઠો આપવાનો છે. એપીએલ કાર્ડ ધારકોને ખાંડ, દાળ, મીઠું આપવા પણ જણાવ્યું હતું.

સસ્તા અનાજના દુકાનદારોએ પણ રેશનિંગ પુરવઠો આવી ગયો છે અને તમામ ગ્રાહકોને પૂરતો માલ આપવામાં આવશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ રેશનકાર્ડ ધારકોને સરપંચની હાજરીમાં પુરવઠાનું વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું હતું.

# વડગામ પંથકમાં ઠેર ઠેર સસ્તા અનાજના દુકાનદારો દ્વારા રેશન કાર્ડધારકોને અનાજ વિતરણ

વડગામ પંથકમાં ઠેર ઠેર પંડીત દિન દયાલ એઠળ ચાલતી સસ્તાં અનાજની દુકાનદારો દ્વારા સરકાર દ્વારા જાહેર કરાયેલ કાર્ડ ધારકોને મફતમાં વિતરણ કરવામાં આવ્યું હતું. રાજ્યના દ્રહ્લજીછ રાશન કાર્ડ ધરાવતા લાભાર્થીઓને સસ્તા અનાજની દુકાનો પરથી વિના મૂલ્યે અનાજ વિતરણનો પ્રારંભ.કરાયો હતો.



જેમા વડગામ તાલુકા ના પેપોળ, સલેમકોટ, નગાણા, ભલગામ, મેપડા, મેમદપુર, વડગામ, સહીત વડગામ પંથકના તમામ ગામે સોસીયલ ડિસ્ટન્સ ના નિયમો નું ચુસ્તપણે પાલન કરતા વિના મૂલ્યે અનાજ વિતરણ કરાયું હતું.

સોસીયલ ડિસ્ટન્સ જળવાય રહે એ માટે પેપોળ પંડિત દીનદયાલ ઉપાધ્યાય સસ્તા અનાજના સંચાલક શ્રીમતી દિનાબહેન દિલીપભાઈ શ્રીમાળી દ્વારા સોસીયલ ડિસ્ટન્સ જળવાઈ રહે એ માટે છ ફૂટ ના અંતરે રાઉન્ડ અંકિત કરી તેના ઉપર લોકો ને ઉભા રખાયા હતા લોકો ને લોક ડાઉન અને સોસીયલ ડિસ્ટન્સ નું મહત્વ સમજાવા માટે પેપોળ ગામ ના તલાટી શ્રી મયંક ભાઈ, પેપોળ પ્રા. શાળાના શિક્ષક શ્રી જીગ્નેશભાઈ, સરપંચ ભરતસિંહ સોલંકી,પોલીસ વિભાગ ના રાજેન્દ્ર સિંહ રાઠોડ તથા સામાજિક અગ્રણી જગદીશભાઈ શ્રીમાળી તથા દિપકભાઈ પંડયા અને દિલીપ શ્રીમાળી અને જયંતીભાઈ શ્રીમાળીએ હાજર રહી લોકજાગૃતિ માટે સરાહનીય પ્રયાસ કર્યો હતો.

# ડીસામાં ચાર સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરાયો

ડીસા, તા. ૨

ડીસા શહેર દક્ષિણ પોલીસ જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ડીસા રાજપુર વિસ્તારમાં જાહેર રોડ ઉપર કેટલાક માણસો ભેગા થયેલા હોવાનું જણાઈ આવતા સદરે જગ્યાએ જતા ચાર માણસો ભેગા મળી બેઠેલ હતા.

જેથી જાહેર રોડ ઉપર ચાર ઈસમો પૈકી નિયાઝ મહમંદ ગુલાબભાઈ દિવાન (રહે. રાજપુર, તા. ડીસા), સોહિલ સોકતભાઈ સોલંકી (રહે. રાજપુર, તા. ડીસા), મકદુમહુસેન નાશીરભાઈ કુરેશી (રહે. રાજપુર, તા. ડીસા) અને ગુલામજેલાની અપ્સરહુસૈન સોલંકી (રહે. રાજપુર, તા. ડીસા) જાહેરમાં ફરી લોકડાઉનનો ભંગ કરેલ. જેઓની પુછપરછ કરતા જાહેરમાં નિકળવા બાબતે કોઈ સંતોષકારક જવાબ ન આપતા જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાના હુકમનું ઉલ્લંઘન કરેલ હોઈ તેમજ સરકારના લોકડાઉન હુકમનો ભંગ પણ કરેલ હોઈ જેઓના વિરૂદ્ધમાં ઈપીકો કલમ ૨૬૯, ૧૮૮, ૧૧૪ મુજબ ગુન્હો દાખલ કરવામાં આવેલ. તેમજ કોઈ જરૂરી કામ સીવાય જાહેર રોડ ઉપર વાહનો લઈ હેરાફેરી કરતા વાહનચાલકો પાસેથી રૂ. ૧૫૦૦ સ્થળ પર દંડ વસુલ કરવામાં આવેલ. તથા એમ.વી. એક્ટ ૨૦૭ મુજબ વાહન-૩ ડીટેઈન કરવામાં આવેલ.



**ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલે ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલની મુલાકાત લીધી**

લોકડાઉન જાહેર કરવામાં આવ્યા બાદ ખેડબ્રહ્મા કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલે આજે ખેડબ્રહ્મા શહેરની જનરલ હોસ્પિટલની પ્રથમ વાર મુલાકાત લીધી હતી અને અધિક્ષક હિતેશ બ્રહ્મભટ્ટને માસ્ક આપ્યા હતા. જયારે એક મુલાકાતમાં ધારાસભ્યએ કોરોના વાયરસને લઈ પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ જાહેર કરેલ લોકડાઉનને યોગ્ય ગણાવ્યુ હતુ અને પ્રધાનમંત્રી, વહીવટીતંત્ર, ડૉકટર તથા લોકડાઉન દરમ્યાન જે લોકો જોડાયા છે તેમની કામગીરીને બિરદાવી હતી.



**ડીસામાં બિલ્ડર યુવાનનો એક હજાર રાશન કીટનો સેવાયજ્ઞ**

ડીસાના એક બિલ્ડર અને ખેડૂત પુત્ર કોરોનાના લોકડાઉનમાં કોઈ પરિવાર ભૂખ્યું ન રહે તે માટે સતત ચીંચિત રહે છે અને ડીસા શહેર અને ગામડાઓમાં ફરી ઘરે ઘરે જઈ જરૂરિયાતમંદોને કીટ વિતરણ કરી રહ્યા છે. તેમના આ સેવાયજ્ઞને વધાવવા અધિકારીઓ પહોચ્યા હતા અને તેમની માનવ સેવાને બિરદાવી હતી. કોરોનાના પગલે લોકડાઉન થતા રોજ લઈને ખાનારની સ્થિતિ કફોડી ન બને જે માટે સેવાકીય સંસ્થાઓ અને સામાજિક સંસ્થાઓ કામે લાગી છે. ત્યારે બનાસકાંઠા પર જ્યારે સંકટ આવે ત્યારે મદદ માટે તત્પર રહેતા યુવા બિલ્ડર અને ખેડૂત પુત્ર પી.એન. માળી દ્વારા હાલ કોરોનાના પગલે લોકડાઉન સમયે ડીસા શહેર કે ગામડામાં કોઈ ભૂખ્યું ના સુવે એ માટે સતત ચીંચિત છે. તેઓ દ્વારા પ્રથમ ૫૦૦ કીટ આપ્યા અને બાદમાં હવે બીજી ૫૦૦ કીટ તૈયાર કરી છે. જેમાં રાશન સહિત બટાટા અને ડુંગળી પણ આપવામાં આવી રહી છે. કુલ ૧૦ કિલોની કીટ તૈયાર કરી જરૂરિયાતમંદોને આપવામાં આવી રહી છે. ગતરોજ જ્યાં કીટ તૈયાર કરવામાં આવે છે ત્યાં નાયબ કલેકટર એચ.આર. પટેલ, મામલતદાર પારગી, ધારાસભ્ય શશીકાંત પંડ્યા, રાજુભાઈ ઠક્કર, રમેશભાઈ સોમનાથ સહિતના આગેવાનો મુલાકાત લીધી હતી અને આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી. જોકે આ કીટ માત્ર શહેર નહિ પણ જ્યાંથી ફોન આવે છે તે ગામમાં પણ પહોંચાડી દેવામાં આવે છે. આમ લોકડાઉન સમયે કોઈ ભૂખ્યું ના સુવે તેના પર સતત નજર રાખી સેવાનું કામ કરે છે.





**ડીસા યુથ કમિટી દ્વારા દરરોજ ૧૫૦૦ માણસોને જમવાનું આપી માનવસેવા કરાય છે...**

ડીસા છોટા પુરા વિસ્તારમાં આવેલ ડો સૈયદ સાહેબના દવાખાનાના કમ્પાઉન્ડ માં આવેલ જગ્યામાં છેલ્લા આઠ દિવસથી દરરોજ સાંજના સુમારે ડીસા યુથ કમિટી દ્વારા દરરોજ હિન્દૂ મુસ્લિમોને ઘરે ઘરે જઈને મુસ્લિમ યુવાનો જઈને ફુડ પેકેટ આપી વિતરણ કરવામાં આવે છે જે છોટા પુરા ગંજીપૂરા દેવીપૂજક લોધાવાસ મીરા મોહલલા મોહમદપુરા અમાનપાર્ક સોહિલપાર્ક સૂકુંન પાર્ક બીડી કામદાર સોસાયટી ડોલીવાસ સહિતના વિસ્તારોમાં રહેતા જરૂરિયાતમંદ લોકોને ઘરે ઘરે જઈને ફુડ પેકેટ વિતરણ કરતા લોકોમાં આનંદની લાગણી ફેલાઈ હતી.